જા. નં. 19 /EC/RO/GV/2026-27

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

કાર્યવાહક પરિષદ (Executive Council) 2/2026-27

આદરણીયશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠની કાર્યવાહક પરિષદ (Executive Council)ની વર્ષ 2026-27ની દ્વિતીય બેઠક તા. 02-10-2026 ને શુક્રવારના રોજ બપોરે 03-30 વાગ્યે સમિતિખંડ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા :

1. ડૉ. હર્ષદ એ. પટેલ : અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ
2. ડૉ. અજયભાઈ પરીખ : સભ્ય અને ડીનશ્રી, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ (ઑનલાઈન)
3. ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્ય અને ડીનશ્રી, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ
4. ડૉ. મહેશભાઈ ગામીત : સભ્ય અને પ્રાધ્યાપકશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
5. ડૉ. જયશ્રીબહેન મહેતા : સભ્ય અને સહ-પ્રાધ્યાપકશ્રી, ફુડ અને ન્યુટ્રીશીયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
6. ડૉ. હરિભાઈ પટેલ : સભ્ય અને મદદનીશ પ્રાધ્યાપકશ્રી, શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
7. પ્રા. હિમાંશુભાઈ પટેલ : કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ

(1) ડૉ. નીતિનભાઈ પેથાણી (સભ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિશ્રી) (2) દિલીપભાઈ ઠાકર (સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) (3) પ્રા. કનુભાઈ નાયક ((સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) (4) શ્રી વિશાલભાઈ ભાદાણી (સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ફોન/ઈ-મેઈલથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : તા. 30-06-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની બેઠકના અહેવાલને તથા અમલવારી નોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ-1 : તા. 30-06-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની બેઠકના અહેવાલ તથા અમલવારી નોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

<u>વિદ્યાકીય શાખા</u>

કાર્ય-2 : તા. 10 ઑગસ્ટ 2026થી પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા દ્વારા (1) વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી (2) વિડીયો એડીટીંગના ટૂંકા ગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા, જેમાં વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીમાં 21 તથા વિડીયો એડીટીંગમાં 36 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો, જેની જાણ તથા મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-2 : તા. 10 ઑગસ્ટ 2026થી પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા દ્વારા શરૂ કરવામાં આવેલા ટૂંકા ગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો (1) વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીમાં 21 (2) વિડીયો એડીટીંગમાં 36 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો, જેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-3 : તા. 22 ઑગસ્ટ 2026થી યોગ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા દ્વારા "યોગ અને પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિઓ' વિષય પર છ માસનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો, જેમાં 33 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો, જેની જાણ તથા મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-3 : તા. 22 ઑગસ્ટ 2026થી યોગ વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા દ્વારા "યોગ અને પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિઓ' વિષય પર શરૂ કરવામાં આવેલ છ માસના અભ્યાસક્રમમાં 33 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો, જેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-4 : વર્ષ 2026-27 દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠની નીચે દર્શાવેલ વિવિધ સમિતિઓના બેઠકોના અહેવાલોને બહાલી આપવા અંગે.

No.	Date	Committee Name
1.	19-08-2026	Internal Complaint Committee (ICC)
2.	19-08-2026	Students Grievance Redressal Committee
3.	20-08-2026	Hostel Committee
4.	20-08-2026	Socio-Economically Disadvantaged Groups (SEDGs) Cell
5.	21-08-2026	MOOC Advisory Committee

6.	21-08-2026	Anti-Ragging Monitoring Cell and Anti-Ragging Committee
7.	22-08-2026	Local Purchase Committee
8.	02-09-2026	Women Development Cel (WDC)I
9.	21-09-2026	Internal Quality Assurance Cell (IQAC)
10.	21-09-2026	International Office Committee
11.	21-09-2026	Equal Opportunity Cell Equal Opportunity Advisory Committee
12.	21-09-2026	Prakashan Mandir Advisory Committee
13.	21-09-2026	Library Committee
14.	21-09-2026	Samvidhan Cell
15.	22-09-2026	Student Sports, Cultural and Welfare Committee
16.	22-09-2026	Placement Cell (Rojgar Paramarchan Ekam)
17.	22-09-2026	VIKAS Advisory Committee
18.	22-09-2026	Building and Works Committee/Jagir Vyasthapan
19.	22-09-2026	Mission Life Committee
20	22-09-2026	Institutional SSIP Committee
21	22-09-2026	Asmita Mandir Advisory Committee
22	22-09-2026	Vigyan Kendra Advisory Committee
23	23-09-2026	Vinay Mandir Advisory Committee
24	23-09-2026	Sardar Patel Talim Kendra Advisory Committee
25	23-09-2026	Swasthay Sambhal Samiti
26	23-09-2026	Kala Mandir Advisory Committee
27	23-09-2026	NSS Advisory Committee (NSS Cell)

ઠરાવ-4 : વર્ષ 2026-27 દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠની નીચે દર્શાવેલ વિવિધ સમિતિઓના બેઠકોના અહેવાલોને બહાલી આપવામાં આવી.

No.	Date	Committee Name
1	19-08-2026	Internal Complaint Committee (ICC)
2	19-08-2026	Students Grievance Redressal Committee
3	20-08-2026	Hostel Committee
4	20-08-2026	Socio-Economically Disadvantaged Groups (SEDGs) Cell
5	21-08-2026	MOOC Advisory Committee
6	21-08-2026	Anti-Ragging Monitoring Cell and Anti-Ragging Committee
7	22-08-2026	Local Purchase Committee
8	02-09-2026	Women Development Cel (WDC)I
9	21-09-2026	Internal Quality Assurance Cell (IQAC)
10	21-09-2026	International Office Committee
11	21-09-2026	Equal Opportunity Cell Equal Opportunity Advisory Committee
12	21-09-2026	Prakashan Mandir Advisory Committee
13	21-09-2026	Library Committee
14	21-09-2026	Samvidhan Cell
15	22-09-2026	Student Sports, Cultural and Welfare Committee
16	22-09-2026	Placement Cell (Rojgar Paramarchan Ekam)
17	22-09-2026	VIKAS Advisory Committee
18	22-09-2026	Building and Works Committee/Jagir Vyasthapan
19	22-09-2026	Mission Life Committee
20	22-09-2026	Institutional SSIP Committee
21	22-09-2026	Asmita Mandir Advisory Committee
22	22-09-2026	Vigyan Kendra Advisory Committee
23	23-09-2026	Vinay Mandir Advisory Committee

24	23-09-2026	Sardar Patel Talim Kendra Advisory Committee
25	23-09-2026	Swasthay Sambhal Samiti
26	23-09-2026	Kala Mandir Advisory Committee
27	23-09-2026	NSS Advisory Committee (NSS Cell)

કાર્ય-5 : તા. 26 થી 29 સપ્ટેમ્બર, 2026 દરમ્યાન સાત વિદ્યાશાખાના વિભાગો, વહીવટી શાખાઓ તથા વિસ્તરણ કેન્દ્રો એમ કુલ મળીને 54 વિભાગો દ્વારા જુલાઈ 2026 થી સપ્ટેમ્બર 2026 સુધીની ત્રિ-માસિક કામગીરીના સમીક્ષા અહેવાલની પ્રસ્તુતિ કરવામાં આવી, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-5 : તા. 26 થી 29 સપ્ટેમ્બર, 2026 દરમ્યાન સાત વિદ્યાશાખાના વિભાગો, વહીવટી શાખાઓ, વિસ્તરણ કેન્દ્રો તથા સુવિધાઓ એમ કુલ મળીને 54 વિભાગો દ્વારા જુલાઈ 2026 થી સપ્ટેમ્બર 2026 સુધીની ત્રિ-માસિક કામગીરીના સમીક્ષા અહેવાલની પ્રસ્તુતિની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-6 1 ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગના પીએચ.ડી. વિદ્યાર્થી શ્રી કૌશિક પચાભાઈ વાળા (નોંધણી ક્રમાંક: 250170120003, નોંધણી તારીખ: 01-07-2025)એ પોતાના સંશોધન વિષય "Multiproxy Approach to Understanding Pleistocene Settlement of Saurashtra with special reference to Shetrunji River Basin Hominin Behaviour, Lithic Technology Development and Environment" માટે ડૉ. દેવરા અનિલ કુમાર, સહ-પ્રાધ્યાપક, શિવ નાદર યુનિવર્સિટીને સહ-માર્ગદર્શક તરીકે નિયુક્ત કરવા બાબતે અરજી કરેલ છે. વિદ્યાર્થીના હાલના માર્ગદર્શક પ્રો. કનૈયાલાલ નાયક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ છે. યુ.જી.સી.ના પીએચ.ડી. નિયમો, 2022ના નિયમ 6(2) મુજબ આંતરવિદ્યાશાખાકીય/ બહુવિદ્યાશાખાકીય સંશોધન કાર્યના કિસ્સામાં, જરૂર જણાય તો, અન્ય યુનિવર્સિટીમાંથી સહ-માર્ગદર્શકની નિમણૂક કરી શકાય તેવી જોગવાઈ છે. આ સંદર્ભે ચર્ચા અને મંજૂરી અર્થે રજૂ.

2 ડૉ. હિરેન જોશી, પ્રોફેસર અને અધ્યક્ષ, કમ્પ્યૂટર સાયન્સ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. 30-07-2026ના પત્ર દ્વારા તેમના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ પીએચ.ડી. શોધાર્થી કુ. પ્રાપ્તિ વ્યાસ (વિષય: Natural Language Processing – NLP)ના સંશોધનકાર્ય માટે પ્રા. અજય પરીખ, પ્રોફેસર અને અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠને

સહ-માર્ગદર્શક (Co-Supervisor) તરીકે સેવા આપવા સાદર આમંત્રણ આપવામાં આવેલ છે. આ બાબતે પ્રા. અજય પરીખને ઉક્ત સહ-માર્ગદર્શકની ભૂમિકા સ્વીકારવાની મંજૂરી આપવા અંગે યોગ્ય માર્ગદર્શન અને મંજૂરી અર્થે રજૂ.

3 માઇક્રોબાયોલોજી વિભાગમાં સહપ્રાધ્યાપક તરીકે કાર્યરત શ્રી પ્રીતિ કલ્પેશભાઈ શુક્લએ ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચ.ડી. અભ્યાસક્રમ માટે તા. 14/12/2016ના રોજ નોંધણી ક્રમાંક 516851 હેઠળ નોંધણી કરાવેલી હતી, પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં સંશોધન કાર્ય પૂર્ણ કરી શક્યા ન હતા. તેમણે ગૂજરાત વિદ્યાપીઠના તા. 22/07/2026ના પરિપત્ર ક્રમાંક 205/AB/GV/2026-27 અનુસાર પી.એચ.ડી.માં પુન: નોંધણી માટે તા. 23/07/2026ના રોજ અરજી કરેલ છે. ગૂજરાત વિદ્યાપીઠના નિયમ અનુસાર ચાલુ સત્રથી શ્રી પ્રીતિ કલ્પેશભાઈ શુક્લની પીએચ.ડી. અભ્યાસક્રમમાં પુન:નોંધણી કરવા મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-6 1 ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગના પીએચ.ડી. વિદ્યાર્થી શ્રી કૌશિક પચાભાઈ વાળા (નોંધણી ક્રમાંક: 250170120003, નોંધણી તારીખ: 01-07-2025)એ પોતાના સંશોધન વિષય "Multiproxy Approach to Understanding Pleistocene Settlement of Saurashtra with special reference to Shetrunji River Basin Hominin Behaviour, Lithic Technology Development and Environment" માટે ડૉ. દેવરા અનિલ કુમાર, સહ-પ્રાધ્યાપક, શિવ નાદર યુનિવર્સિટીને સહ-માર્ગદર્શક તરીકે નિયુક્ત કરવા બાબતે કરેલ અરજી સંદર્ભે બેઠકમાં વિશદ ચર્ચાવિચારણા કરવામાં આવી. ચર્ચાવિચારણાને અંતે શિવ નાદર યુનિવર્સિટીમાથી ડૉ. દેવરા અનિલકુમારને સહ-માર્ગદર્શક તરીકે નિયુક્ત કરવા બાબતની દરખાસ્ત મંગાવવી તેમજ ડૉ. દેવરા અનિલકુમારની વિષય નિપૂણતા અંગેની વિગતો સંદર્ભે બે વિષયનિષ્ણાતોનો અભિપ્રાય મેળવી આગળની કાર્યવાહી કરવી. જો સમિતિ દ્વારા ડૉ. દેવરા અનિલકુમારને સહ-માર્ગદર્શક તરીકે માન્યતા આપવામાં આવે તો વિદ્યાર્થી દ્વારા કરવામાં આવતા પ્રકાશનના સંદર્ભમાં બૌદ્ધિક સંપદા અધિકાર ગૂજરાત વિદ્યાપીઠ પાસે રહેશે તેમ નક્કી કરવામાં આવ્યું.

2 ડૉ. હિરેન જોશી, પ્રોફેસર અને અધ્યક્ષ, કમ્પ્યૂટર સાયન્સ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. 30-07-2026ના પત્ર દ્વારા તેમના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ પીએચ.ડી. શોધાર્થી કુ. પ્રાપ્તિ વ્યાસ (વિષય: Natural Language Processing – NLP)ના સંશોધનકાર્ય માટે પ્રા. અજય પરીખ, પ્રોફેસર અને અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠને સહ-માર્ગદર્શક તરીકે ભૂમિકા સ્વીકારવા મંજૂરી આપવામાં આવી.

3 યુ.જી.સી. ગાઈડલાઈન 2022 અનુસાર કાર્યવાહી કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-7 1 પીએચ.ડી. અભ્યાસક્રમના નીચેના વિદ્યાર્થીઓની નામ નોંધણી રદ થયાની જાણ અર્થે રજૂ.

ક્રમ	વિદ્યાર્થીનું નામ અને નોંધણી નંબર	વિષય	નામ નોંધણી રદનું કારણ
1.	દધીચ વેણીગોપાલ નરેન્દ્ર (260170120003)	ઇતિહાસ	વિદ્યાર્થીની અરજી અને માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ
2.	મનનકુમાર મહેશભાઈ ઠક્કર (260170230003)	શિક્ષણશાસ્ત્ર	વિદ્યાર્થીએ પોર્ટલ પરથી જાતે પ્રવેશ રદ કરાવેલ છે.
3.	વિશ્વજીતસિંહ કરણીદાન ગઢવી (250170230015)	શિક્ષણશાસ્ત્ર	નિયમાનુસાર સંશોધન દરખાસ્ત રજૂ કરેલ નથી તથા ફી ભરેલ નથી તેમજ માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ
4.	કાજલ રાજેશભાઈ ગીરી (12105902)	સમાજકાર્ય	વિદ્યાર્થીની અરજી અને માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ
5.	આહીર અંકિતા બચુભાઈ (260170120001)	ઇતિહાસ	વિદ્યાર્થીની અરજી અને માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ

2 પીએચ.ડી. અભ્યાસક્રમના નીચેના વિદ્યાર્થીની નિયમાનુસાર મહત્તમ સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોવાથી નામ નોંધણી રદ કરવા માર્ગદર્શન અને મંજૂરી અર્થે રજૂ.

ક્રમ	વિદ્યાર્થીનું નામ અને નોંધણી નંબર	વિષય	માર્ગદર્શકનું નામ
1.	જીતેન્દ્રકુમાર ભવાનભાઈ પ્રજાપતિ (11903914)	શિક્ષણશાસ્ત્ર	છનાભાઈ ભીંસરા
2.	દીપિકા મોહનલાલ જાદવ (11703907)	શિક્ષણશાસ્ત્ર	લાલજીભાઈ પટેલ (સહ માર્ગદર્શક : નીતિન ઢાઢોદરા)

ઠરાવ-7 1 પીએચ.ડી. અભ્યાસક્રમના નીચેના વિદ્યાર્થીઓની નામ નોંધણી રદ થયાની બેઠકમાં નોંધ લેવામાં આવી.

ક્રમ	વિદ્યાર્થીનું નામ અને નોંધણી નંબર	વિષય	નામ નોંધણી રદનું કારણ
1.	દધીચ વેણીગોપાલ નરેન્દ્ર (260170120003)	ઇતિહાસ	વિદ્યાર્થીની અરજી અને માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ
2.	મનનકુમાર મહેશભાઈ ઠક્કર (260170230003)	શિક્ષણશાસ્ત્ર	વિદ્યાર્થીએ પોર્ટલ પરથી જાતે પ્રવેશ રદ કરાવેલ છે.

3.	વિશ્વજીતસિંહ કરણીદાન ગઢવી (250170230015)	શિક્ષણશાસ્ત્ર	નિયમાનુસાર સંશોધન દરખાસ્ત રજૂ કરેલ નથી તથા ફી ભરેલ નથી તેમજ માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ
4.	કાજલ રાજેશભાઈ ગોરી (12105902)	સમાજકાર્ય	વિદ્યાર્થીની અરજી અને માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ
5.	આહીર અંકિતા બચુભાઈ (260170120001)	ઇતિહાસ	વિદ્યાર્થીની અરજી અને માર્ગદર્શક અને અધ્યક્ષની ભલામણ

2 પીએચ.ડી. અભ્યાસક્રમના નીચેના વિદ્યાર્થીની નિયમાનુસાર મહત્તમ સમયમર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોવાથી નામ નોંધણી રદ કરવા મંજૂરી આપવામાં આવી.

ક્રમ	વિદ્યાર્થીનું નામ અને નોંધણી નંબર	વિષય	માર્ગદર્શકનું નામ
1.	જીતેન્દ્રકુમાર ભવાનભાઈ પ્રજાપતિ (11903914)	શિક્ષણશાસ્ત્ર	છનાભાઈ ભીંસરા
2.	દીપિકા મોહનલાલ જાદવ (11703907)	શિક્ષણશાસ્ત્ર	લાલજીભાઈ પટેલ (સહ માર્ગદર્શક : નીતિન ઢાઢોદરા)

કાર્ય-8 : શિક્ષણશાસ્ત્ર વિષયના પીએચ.ડી. વિદ્યાર્થીઓની નોંધણી તા. 02-09-2019ની છે અને અગાઉ મંજૂર થયેલ સાતમા વર્ષનો મુદતવધારો તા. 01-09-2026ના રોજ પૂર્ણ થયેલ છે. UGC (Minimum Standards and Procedure for Award of M.Phil./Ph.D. Degrees) Regulations મુજબ મહિલા Ph.D. ઉમેદવારોને મળતી છૂટછાટ મુજબ આ મુદતવધારા બાબતે ચર્ચાવિચારણા અર્થે રજૂ.

ક્રમ	વિદ્યાર્થીનું નામ	નોંધણી નંબર	માર્ગદર્શક
1.	અનિતાબેન લલ્લુભાઈ ગામીત	11903903	ડૉ. ભરત જોશી
2.	ઉષાબેન મનુપ્રસાદ જાની	11903934	ડૉ. દીપુબા દેવડા

ઠરાવ-8 : શિક્ષણશાસ્ત્ર વિષયના નીચે દર્શાવેલ પીએચ.ડી. વિદ્યાર્થિનીઓની UGC (Minimum Standards and Procedure for Award of M.Phil./Ph.D. Degrees) Regulations મુજબ મહિલા Ph.D. ઉમેદવારોને મળતી છૂટછાટ મુજબ એક વર્ષનો મુદતવધારો આપવા મંજૂરી આપવામાં આવી.

ક્રમ	વિદ્યાર્થીનું નામ	નોંધણી નંબર	માર્ગદર્શક
1.	આનેતાબેન લલ્લુભાઈ ગામીત	11903903	ડૉ. ભરત જોશી
2.	ઉષાબેન મનુપ્રસાદ જાની	11903934	ડૉ. દીપુબા દેવડા

કાર્ય-9 : પીએચ.ડી. પ્રવેશ 2026 ના દ્વિતીય તબક્કામાં 6 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-9 : પીએચ.ડી. પ્રવેશ 2026ના દ્વિતીય તબક્કામાં 6 વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રવેશની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-10 : UGC (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2022ના Regulation 10(1)(i) તથા 10(1)(ii) અન્વયે સંશોધન શીર્ષકમાં ફેરફાર બાબતે ગૂજરાત વિદ્યાપીઠ નિયમ ભાગ-2, નિયમ નં. 12માં સુધારો/વધારો કરેલ છે, જે મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-10 : UGC (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2022ના Regulation 10(1)(i) તથા 10(1)(ii) અન્વયે સંશોધન શીર્ષકમાં ફેરફારના સંદર્ભે ચર્ચાવિચારણા કરવામાં આવી. ચર્ચાને અંતે નક્કી કરવામાં આવ્યું કે જો વિદ્યાર્થીને પ્રવેશ બાદ એક વર્ષના સમયગાળા દરમ્યાન પીએચ.ડી. સંશોધન શીર્ષકમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો વિભાગની સંશોધન સલાહકાર સમિતિ (RAC)ની ભલામણ દ્વારા યોગ્ય પ્રક્રિયા કરી શીર્ષકમાં ફેરફાર કરી શકશે અને જો એક વર્ષથી વધારે સમય થયો હોય તો વિભાગની સંશોધન સલાહકાર સમિતિ (RAC)ની ભલામણ મેળવ્યા બાદ વિદ્યાસભાની મંજૂરી મેળવ્યા બાદ પીએચ.ડી. સંશોધન શીર્ષકમાં ફેરફાર કરી શકશે. આ સુધારો કર્યા બાદ ગૂજરાત વિદ્યાપીઠ નિયમ ભાગ-2, નિયમ નં. 12માં કરવામાં આવેલ સુધારા/વધારાને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-11 : ગુરુપૂર્ણિમા સત્ર વર્ષ 2026માં ગૂજરાત વિદ્યાપીઠના કુલ 05 વિભાગોના 286 વિદ્યાર્થીઓએ વિવિધ 11 SWAYAM MOOCs માં નોંધણી કરાવેલ છે, જેની જાણ અંગે તેમજ SWAYAM MOOC અભ્યાસક્રમ જે સમયગાળામાં ઉપલબ્ધ હોય, તે સમયગાળામાં વિદ્યાર્થી નોંધણી કરાવી અને અભ્યાસ પૂર્ણ કરી શકે અને તેની ક્રેડિટ સબંધિત સત્રમાં ગણી શકાય, તે બાબતે મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-11 : ગુરુપૂર્ણિમા સત્ર વર્ષ 2026માં ગૂજરાત વિદ્યાપીઠના કુલ 05 વિભાગોના 286 વિદ્યાર્થીઓએ વિવિધ 11 SWAYAM MOOCs માં નોંધણી કરાવી તેની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા SWAYAM MOOC અભ્યાસક્રમ જે સમયગાળામાં ઉપલબ્ધ હોય, તે સમયગાળામાં વિદ્યાર્થી નોંધણી કરાવી અને અભ્યાસ પૂર્ણ કરે અને તેની ક્રેડિટ સંબંધિત સત્રમાં ગણવા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-12 : ગૂજરાત વિદ્યાપીઠના દરેક અભ્યાસક્રમ (સ્નાતક/ સ્નાતકોત્તર/ અનુસ્નાતક/ અનુસ્નાતક ડિપ્લોમા)માં સમૂહજીવનને પ્રત્યેક સત્રમાં 2 ક્રેડિટના એક પાઠ્યક્રમ તરીકે સામેલ કરેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

એકમ	વિગત (પ્રવૃત્તિઓ)	કાર્યકલાક	મૂલ્યાંકન ભારાંક
એકમ-1	સામાજિક સહભાગિતા (ગાંધીજયંતી, રેંટિયાબારસ, ગ્રામજીવનયાત્રા, ગાંધીનિર્વાણદિન, સ્વયંપાક, કસ્તૂરબા ગાંધી પરિવારમેળો, રાષ્ટ્રીય દિવસો વગેરે)	45	50%
એકમ-2	(1) પ્રાર્થના અને કાંતણ	45	50%
	(2) સફાઈ, શ્રમ અને પર્યાવરણીય પહેલ		
કુલ		90	100%

સદર બાબત મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-12 : ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક, સ્નાતકોત્તર, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમા એમ તમામ અભ્યાસક્રમોના દરેક સત્રમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, સામાજિક સહભાગિતા, શ્રમપ્રતિષ્ઠા અને ગાંધીવિચાર આધારિત જીવનમૂલ્યોના સંવર્ધન માટે 'સમૂહ-જીવન (Community Living)' વિષયને 02 ક્રેડિટના પાઠ્યક્રમ તરીકે સામેલ કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે Course Code 264510200001 ધરાવતો આ વિષય દરેક સત્રમાં અને 100 ગુણ (ગ્રેડ)ના મૂલ્યાંકન સાથે નીચે દર્શાવેલ વિગતો અનુસાર લાગુ કરવામાં આવશે.

એકમ	વિગત (પ્રવૃત્તિઓ)	કાર્યકલાક	મૂલ્યાંકન ભારાંક
એકમ-1	સામાજિક સહભાગિતા (ગાંધીજયંતી, રેંટિયાબારસ, ગ્રામજીવનયાત્રા, ગાંધીનિર્વાણદિન, સ્વયંપાક, કસ્તૂરબા ગાંધી પરિવારમેળો, રાષ્ટ્રીય દિવસો વગેરે)	45	50%
એકમ-2	(1) પ્રાર્થના અને કાંતણ	45	50%
	(2) સફાઈ, શ્રમ અને પર્યાવરણીય પહેલ		
કુલ		90	100%

કાંતણની સમૂહ પરીક્ષા તથા નિષ્ણાત સમિતિ સમક્ષ પ્રસ્તુતિને આધારે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવશે, અને સંબંધિત વિભાગો હાજરીની નોંધ રાખી મૂલ્યાંકન સમયસર પૂર્ણ કરશે. સદર બાબતને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-13 : વિશ્વકર્મા ઇન્સ્ટિટયૂટ ઑફ કૌશલ્ય અને સ્વાવલંબન (વિકાસ)ના 'ફેશન ડિઝાઈનીંગ (ખાદી)'ના અભ્યાસક્રમમાં કરવામાં આવેલ સુધારા-વધારાને મંજૂર કરવા બાબત.

ઠરાવ-13 : વિશ્વકર્મા ઇન્સ્ટિટયૂટ ઑફ કૌશલ્ય અને સ્વાવલંબન (વિકાસ) દ્વારા Skill Enhancement Course (SEC) તરીકે Dress Making (Khadi Clothes) નામનો કોર્સ ચલાવવામાં આવતો હતો, જેનો કોર્સ કોડ 254510361901 છે. જેમાં આ સત્રમાં કુલ 17 વિદ્યાર્થીઓએ અભ્યાસ કાર્ય કર્યું. હવે તેના સ્થાને 'ખાદી ડિઝાઈનીંગ (કોર્સ કોડ 264510361911)' નામનો નવો અભ્યાસક્રમ જાન્યુઆરી 2027ના સત્રથી અમલમાં મૂકવા બાબતે ચર્ચા કરવામાં આવી તથા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-14 : ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો દ્વારા રજૂ કરવામાં આવતા સંશોધનકાર્ય, સંશોધનપત્રો, પ્રબંધો તથા અન્ય શૈક્ષણિક પ્રકાશનોમાં Artificial Intelligence (AI) દ્વારા જનરેટ કરવામાં આવેલ સામગ્રીની પ્રાથમિક ઓળખ તથા ચકાસણી માટે યોગ્ય અને વિશ્વસનીય AI Content Detection Tool ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને Comparative Study of AI Humanizer, Paraphrasing and Writing Tools ને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-14 : ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો દ્વારા રજૂ કરવામાં આવતા સંશોધનકાર્ય, સંશોધનપત્રો, પ્રબંધો તથા અન્ય શૈક્ષણિક પ્રકાશનોમાં Artificial Intelligence (AI) દ્વારા જનરેટ કરવામાં આવેલ સામગ્રીની પ્રાથમિક ઓળખ તથા ચકાસણી માટે યોગ્ય અને વિશ્વસનીય AI Content Detection Tool ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને Comparative Study of AI Humanizer, Paraphrasing and Writing Tools સંદર્ભે કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ અને IQAC વિભાગ સાથે મળીને નક્કી કરી આગામી બેઠકમાં રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-15 : ગૂજરાત વિદ્યાપીઠ અને બાયોએન્ઝાઈમ એન્ટરપ્રિન્યોર્સ એકેડેમી ઓફ ઇન્ડિયા (BEA) વચ્ચે થયેલ સમજૂતી કરારને (Memorandum of Understanding) બહાલી આપવા અંગે.

ઠરાવ-15 : ગૂજરાત વિદ્યાપીઠ અને બાયોએન્ઝાઈમ એન્ટરપ્રિન્યોર્સ એકેડેમી ઓફ ઇન્ડિયા (BEA) વચ્ચે થયેલ સમજૂતી કરારને (Memorandum of Understanding) બહાલી આપવામાં આવી.

કાર્ય-16 1 તા 11 થી 13 જુલાઈ 2026 દરમ્યાન કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા ગૂજરાત વિદ્યાપીઠ કમ્પ્યૂટર સાયન્સ એલ્યુમની એસોસિએશન (GVPCSAA) ના સંયુક્ત ઉપક્રમે "માઇક્રોસર્વિસિસ આર્કિટેક્ચર યુઝિંગ સ્પ્રિંગ બૂટ : ડિઝાઇન, ડેવલપમેન્ટ એન્ડ ડિપ્લોયમેન્ટ" વિષય પર ત્રણ દિવસીય કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં 05 અધ્યાપકો તથા 55 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

2 તા. 20 જુલાઈ થી તા. 2 ઑગસ્ટ, 2026 દરમ્યાન યુ.જી.સી.- માલવીયા મિશન શિક્ષક તાલીમ કેન્દ્ર (MMTTS), ગૂજરાત વિદ્યાપીઠ તથા ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ભારતીય જ્ઞાન પરંપરા (IKS) વિષયક નિવાસી ટૂંકગાળા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં કુલ 53 અધ્યાપકો સહભાગી થયા હતા, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

3 તા. 20 જુલાઈ, 2026ના રોજ શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'ડિજિટલ યુગમાં માઇક્રો ટીચિંગ કૌશલ્યોનું પુનરાવર્તન' વિષય પર રાજ્ય કક્ષાની એક દિવસીય કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં કુલ 43 અધ્યાપકો સહભાગી થયા હતા, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

4 તા. 29 જુલાઈ, 2026ના રોજ શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા 'પ્રમોશન ઑફ સ્પોર્ટસ્ ઇકોસિસ્ટમ ફોર અ હેલ્થિઅર ફ્યુચર વિથ સ્પેશ્યલ રેફરન્સ NEP 2020' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં કુલ 290 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા,. જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

5 (1) તા. 20 થી 23 જુલાઈ દરમ્યાન ગુજરાતી વિભાગ દ્વારા "ટીવી સિરિયલ, ફિલ્મ અને કથાસાહિત્ય લેખન" વિષયક સર્જનાત્મક લેખન કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં શ્રી રામ મોરીએ ફિલ્મ જોવાની કળા અને સ્ક્રિપ્ટ લેખન વિશે, ટીવી સિરિયલ લેખન અને નવલકથા તથા વાર્તા લેખન વિશે વિગતે ચર્ચા કરી. કાર્યશાળામાં કુલ 95 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા,, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

(2) તા. 4 થી 6 ઑગસ્ટ દરમ્યાન ગુજરાતી વિભાગ દ્વારા "કવિતાની સમજ" વિષયક કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં શ્રી તુષારભાઈ શુક્લએ 'કવિતા લેખન અને તેના આસ્વાદ' સંદર્ભે વિગતે ચર્ચા કરી. કાર્યશાળામાં કુલ 35 જેટલાં વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા,, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

6 તા. 3 ઑગસ્ટ થી તા. 11 ઑગસ્ટ દરમ્યાન સમાજકાર્ય વિભાગ દ્વારા 'વ્યાવસાયિક સમાજકાર્ય કૌશલ્ય વિકાસ કાર્યશાળા-1 : સજ્જતા અને સામાજિક પરિવર્તનનો માર્ગ' વિષય પર 8 દિવસીય કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં કુલ 44 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

7 તા. 17 ઑગસ્ટ 2026ના રોજ 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' નિમિત્તે પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા કેમેરા કલ્બ ઑફ કર્ણાવતીના સંયુક્ત ઉપક્રમે 'ફોટોગ્રાફી અને એ.આઈ.' વિષય પર કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મળીને કુલ 75 વ્યક્તિઓ સહભાગી થયા હતા, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-16 1 તા 11 થી 13 જુલાઈ 2026 દરમ્યાન કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા ગૂજરાત વિદ્યાપીઠ કમ્પ્યૂટર સાયન્સ એલ્યુમની એસોસિએશન (GVPCSAA) ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ "માઇક્રોસર્વિસિસ આર્કિટેક્ચર યુઝિંગ સ્પ્રિંગ બૂટ : ડિઝાઇન, ડેવલપમેન્ટ એન્ડ ડિપ્લોયમેન્ટ" વિષય પર ત્રણ દિવસીય કાર્યશાળામાં 05 અધ્યાપકો તથા 55 વિદ્યાર્થીઓ સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

2 તા. 20 જુલાઈ થી તા. 2 ઑગસ્ટ, 2026 દરમ્યાન યુ.જી.સી.- માલવીયા મિશન શિક્ષક તાલીમ કેન્દ્ર (MMTTS), ગૂજરાત વિદ્યાપીઠ તથા ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ભારતીય જ્ઞાન પરંપરા (IKS) વિષયક નિવાસી ટૂંકગાળા કાર્યક્રમમાં કુલ 53 અધ્યાપકો સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

3 તા. 20 જુલાઈ, 2026ના રોજ શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ 'ડિજિટલ યુગમાં માઇક્રો ટીચિંગ કૌશલ્યોનું પુનરાવર્તન' વિષય પર રાજ્ય કક્ષાની એક દિવસીય કાર્યશાળામાં કુલ 43 અધ્યાપકો સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

4 તા. 29 જુલાઈ, 2026ના રોજ શારીરિક શિક્ષણ વિભાગ, સાદરા દ્વારા યોજાયેલ 'પ્રમોશન ઑફ સ્પોર્ટસ્ ઇકોસિસ્ટમ ફોર અ હેલ્થિઅર ફ્યુચર થિમ સ્પેશ્યલ રેફરન્સ NEP 2020' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદમાં કુલ 290 વિદ્યાર્થીઓ સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

5 (1) તા. 20 થી 23 જુલાઈ દરમ્યાન ગુજરાતી વિભાગ દ્વારા "ટીવી સિરિયલ, ફિલ્મ અને કથાસાહિત્ય લેખન" વિષયક સર્જનાત્મક લેખન કાર્યશાળામાં શ્રી રામ મોરીએ ફિલ્મ જોવાની કળા અને સ્ક્રિપ્ટ લેખન વિશે, ટીવી સિરિયલ લેખન અને નવલકથા તથા વાર્તા લેખન વિશે વિગતે ચર્ચા કરી તથા કાર્યશાળામાં કુલ 95 વિદ્યાર્થીઓ સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

(2) તા. 4 થી 6 ઑગસ્ટ દરમ્યાન ગુજરાતી વિભાગ દ્વારા યોજાયેલ "કવિતાની સમજ" વિષયક કાર્યશાળામાં શ્રી તુષારભાઈ શુક્લએ 'કવિતા લેખન અને તેના આસ્વાદ' સંદર્ભે વિગતે ચર્ચા કરી તથા કાર્યશાળામાં કુલ 35 જેટલાં વિદ્યાર્થીઓ સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

6 તા. 3 ઑગસ્ટ થી તા. 11 ઑગસ્ટ દરમ્યાન સમાજકાર્ય વિભાગ દ્વારા 'વ્યાવસાયિક સમાજકાર્ય કૌશલ્ય વિકાસ કાર્યશાળા-1 : સજ્જતા અને સામાજિક પરિવર્તનનો માર્ગ' વિષય પર યોજાયેલ 8 દિવસીય કાર્યશાળામાં કુલ 44 વિદ્યાર્થીઓ સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

7 તા. 17 ઑગસ્ટ 2026ના રોજ 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' નિમિત્તે પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ તથા કેમેરા કલબ ઑફ કર્ણાવતીના સંયુક્ત ઉપક્રમે 'ફોટોગ્રાફી અને એ.આઈ.' વિષય પર યોજાયેલ કાર્યશાળામાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મળીને કુલ 75 વ્યક્તિઓ સહભાગી થયા તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-17 : તા. 11 ઑગસ્ટ 2026ના રોજ વ્યવસ્થાપન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ અને ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં કિડનીની સંભાળ તથા હાઈ બ્લડ પ્રેશર અંગે જાગૃતિ કેળવવાના હેતુથી એક વિશેષ શૈક્ષણિક અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં કુલ 70 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા, જેની જાણ તથા નોંધ લેવા અંગે,

ઠરાવ-17 : તા. 11 ઑગસ્ટ 2026ના રોજ વ્યવસ્થાપન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ અને ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં કિડનીની સંભાળ તથા હાઈ બ્લડ પ્રેશર અંગે જાગૃતિ કેળવવાના હેતુથી યોજાયેલ વિશેષ શૈક્ષણિક અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમમાં કુલ 70 વિદ્યાર્થીઓ સહભાગી થયા તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-18 1 તા. 29-30 ઑગસ્ટ 2026 દરમ્યાન શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા દ્વારા 'ખેલ ભારતી - 2026' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાશાખાના 19 વિભાગોમાંથી 340 ભાઈઓ તથા 197 બહેનો એમ મળીને કુલ 537 વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ કુલ 13 વ્યક્તિગત રમતો અને 8 સાંઘિક રમતો એમ મળીને કુલ 20 રમતોમાં ભાગ લીધો હતો, જેના અહેવાલની જાણ અને નોંધ લેવા સારુ તથા ખેલભારતી કાર્યક્રમ સંદર્ભે થયેલ કુલ ખર્ચ રૂ 2,56,751/- ની મંજૂરીને બહાલી આપવા અંગે.

2 વર્ષ 2026-27માં ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (Association of Indian Universities) દ્વારા આયોજિત પશ્ચિમ ઝોન અને આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં આશરે ભાઈઓની ૧૫ અને બહેનોની ૯ ટીમો કુલ 24 સ્પર્ધાઓમાં ભાગ લેશે, જેની જાણ તથા તેનો અંદાજિત ખર્ચ રૂ. 12,69,100/- મંજૂર કરવા અંગે.

ઠરાવ-18 1 તા. 29-30 ઑગસ્ટ 2026 દરમ્યાન શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા દ્વારા યોજાયેલ 'ખેલ ભારતી - 2026' કાર્યક્રમમાં વિવિધ વિદ્યાશાખાના 19 વિભાગોમાંથી 340 ભાઈઓ તથા 197 બહેનો એમ મળીને કુલ 537 વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ કુલ 13 વ્યક્તિગત રમતો અને 8 સાંઘિક રમતો એમ મળીને કુલ 20 રમતોમાં ભાગ લીધો તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા ખેલભારતી કાર્યક્રમ સંદર્ભે થયેલ કુલ ખર્ચ રૂ 2,56,751/- ની મંજૂરીને બહાલી આપવામાં આવી.

2 વર્ષ 2026-27માં ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (Association of Indian Universities) દ્વારા આયોજિત પશ્ચિમ ઝોન અને આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં આશરે ભાઈઓની ૧૫ અને બહેનોની ૯ ટીમો કુલ 24 સ્પર્ધાઓમાં ભાગ લેશે તેની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા તેનો ખર્ચ રૂ. 12,69,100/- મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-19 : તા. 12 થી 18 ઑગસ્ટ 2026 દરમ્યાન વિવિધ વિદ્યાશાખાઓના વિભાગો દ્વારા 'એન્ટી રેગીંગ સપ્તાહ'ની ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-19 : તા. 12 થી 18 ઑગસ્ટ 2026 દરમ્યાન વિવિધ વિદ્યાશાખાઓના વિભાગો દ્વારા 'એન્ટી રેગીંગ સપ્તાહ'ની ઉજવણી સંદર્ભે યોજાયેલ કાર્યક્રમોની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-20 1 તા. 1 થી 15 ઑગસ્ટ 2026 દરમ્યાન ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'સ્વચ્છતા પખવાડા-2026' ની ઉજવણી કરવામાં આવી, જેમાં તમામ વિદ્યાશાખાઓના વિભાગો તથા શાખાઓ દ્વારા વિભાગીય સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત 'સ્વચ્છ શહેર અભિયાન' અંતર્ગત મહાત્મા ગાંધી પરિસર તેમજ આસપાસના વિસ્તારો, શાહીબાગ પરિસર, કોચરબ આશ્રમ, પુનઃ સ્થાપન ગૃહ (ઓઢવ), થલતેજ ગામ, ગોતા ગામ, વિસ્તરણ કેન્દ્રો, સરદાર પટેલ ચોક તથા આસપાસના વિસ્તારોમાં જુદા જુદા વિભાગો દ્વારા શ્રમદાન અને સફાઈની કામગીરી કરવામાં આવી, જેના અહેવાલની જાણ તથા નોંધ લેવા અંગે.

2 તા. 5 ઑગસ્ટ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવકો માટે તથા તા. 12 ઑગસ્ટ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે 'સુરક્ષિત સ્વસ્થ અને સમાવેશી પરિસર : લૈંગિક સંવેદનશીલતા, પોષણ અને કાર્યસ્થળે POSH જાગૃતિ' વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો, જેની જાણ તથા નોંધ લેવા અંગે

ઠરાવ-20 1 તા. 1 થી 15 ઑગસ્ટ 2026 દરમ્યાન ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત 'સ્વચ્છતા પખવાડા-2026' ની ઉજવણી કાર્યક્રમમાં વિદ્યાશાખાઓના વિભાગો તથા શાખાઓ દ્વારા યોજાયેલ સ્વચ્છતા કાર્યક્રમો તથા 'સ્વચ્છ શહેર અભિયાન' અંતર્ગત મહાત્મા ગાંધી પરિસર તેમજ આસપાસના વિસ્તારો, શાહીબાગ પરિસર, કોચરબ આશ્રમ, પુનઃ સ્થાપન ગૃહ (ઓઢવ), થલતેજ ગામ, ગોતા ગામ, વિસ્તરણ કેન્દ્રો, સરદાર પટેલ ચોક તથા આસપાસના વિસ્તારોમાં જુદા જુદા વિભાગો દ્વારા શ્રમદાન અને સફાઈની કામગીરી કરવામાં આવી તેના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

2 તા. 5 ઑગસ્ટ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવકો માટે તથા તા. 12 ઑગસ્ટ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માટે 'સુરક્ષિત સ્વસ્થ અને સમાવેશી પરિસર : લૈંગિક સંવેદનશીલતા, પોષણ અને કાર્યસ્થળે POSH જાગૃતિ' વિષય પર યોજાયેલ પરિસંવાદની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-21 : તા. 27 થી 3 ઑગસ્ટ 2026 દરમ્યાન મોરારજી દેસાઈ આરોગ્ય ધામ, ગૂજરાત વિદ્યાપીઠ તથા ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટિવ બેન્ક લિમિટેડ અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી અમદાવાદ તથા સાદરા પરિસરમાં 'વિદ્યાર્થી આરોગ્ય પરિક્ષણ' કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં અમદાવાદ પરિસરના કુલ 595 વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા સાદરા પરિસરના

કુલ 137 વિદ્યાર્થી ભાઈઓ-બહેનોના આરોગ્યનું પરિક્ષણ કરવામાં આવ્યું, જેની જાણ તથા અહેવાલની નોંધ લેવા અંગે.

ઠરાવ-21 : તા. 27 થી 3 ઑગસ્ટ 2026 દરમ્યાન મોરારજી દેસાઈ આરોગ્ય ધામ, ગૂજરાત વિદ્યાપીઠ તથા ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટિવ બેન્ક લિમિટેડ અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી અમદાવાદ તથા સાદરા પરિસરમાં યોજાયેલ 'વિદ્યાર્થી આરોગ્ય પરિક્ષણ' કાર્યક્રમ દરમ્યાન અમદાવાદ પરિસરના કુલ 595 વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા સાદરા પરિસરના કુલ 137 વિદ્યાર્થી ભાઈઓ-બહેનોના આરોગ્યનું પરિક્ષણ કરવામાં આવ્યું, જેમાં મુખ્યત્વે હિમોગ્લોબિનનું પ્રમાણ, સિકલ સેલ અને થેલેસેમિયાની ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણીના આધારે નીચે મુજબ કરવામાં આવેલ આંકડાકીય વિશ્લેષણની બેઠકમાં નોંધ લેવામાં આવી.

વિગત	અમદાવાદ		સાદરા	
	ભાઈઓ	બહેનો	ભાઈઓ	બહેનો
એનેમિયા	03	62	01	03
થેલેસેમિયા માઈનોર	08	11	01	00
સિકલસેલ ટ્રેઈટ	11	38	03	02

ઉપરોક્ત આંકડાકીય વિશ્લેષણ બાદ થેલેસેમિયા માઈનોર અને સિકલસેલ ટ્રેઈટ અવેરનેસ માટે વ્યાખ્યાન અને માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યા તથા એનિમિક વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે ઉપચાર શરૂ કરવામાં આવ્યા.

કાર્ય-22 1 તા. 17 જુલાઈ 2026ના રોજ રાજ્યના માન. પ્રથમ મહિલા શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ નિમિત્તે લોકભવન, ગાંધીનગર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગૂજરાત વિદ્યાપીઠના 108 સ્વયંસેવકોએ રક્તદાન કર્યું હતું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

2 તા. 11 જુલાઈ 2026ના રોજ 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ સંદર્ભે અમદાવાદ, સાદરા, રાંધેજા, શાહીબાગ, ગોતા તથા કોચરબ આશ્રમ, પાલડી પરિસરમાં અંદાજિત 1800 વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

3 તા. 2 ઑગસ્ટ 2026ના રોજ શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા દ્વારા 'નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત' માન. પ્રધાનમંત્રીશ્રીના સંબોધન અને શપથગ્રહણના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું, જેમાં અંદાજિત 300 વિદ્યાર્થીઓએ નશામુક્ત માટેની પ્રતિજ્ઞા લીધી હતી, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

4 તા. 14 ઑગસ્ટ 2026ના રોજ રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે સન્માન અને દેશભક્તિની ભાવનાને પ્રબળ બનાવવા માટે 'હર ઘર તિરંગા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મળીને અંદાજિત 1500 લોકોએ સહભાગિતા કરી હતી, જેની જાણ તથા નોંધ લેવા અંગે

ઠરાવ-22 1 તા. 17 જુલાઈ 2026ના રોજ રાજ્યના માન. પ્રથમ મહિલા શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ નિમિત્તે લોકભવન, ગાંધીનગર ખાતે યોજાયેલ રક્તદાન શિબિરમાં ગૂજરાત વિદ્યાપીઠના 108 સ્વયંસેવકોએ રક્તદાન કર્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

2 તા. 11 જુલાઈ 2026ના રોજ 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમ સંદર્ભે અમદાવાદ, સાદરા, રાંધેજા, શાહીબાગ, ગોતા તથા કોચરબ આશ્રમ, પાલડી પરિસરમાં અંદાજિત 1800 વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

3 તા. 2 ઑગસ્ટ 2026ના રોજ શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા દ્વારા 'નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત' માન. પ્રધાનમંત્રીશ્રીના સંબોધન અને શપથગ્રહણના કાર્યક્રમનાં જીવંત પ્રસારણમાં અંદાજિત 300 વિદ્યાર્થીઓએ નશામુક્ત માટેની પ્રતિજ્ઞા લીધી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

4 તા. 14 ઑગસ્ટ 2026ના રોજ રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે સન્માન અને દેશભક્તિની ભાવનાને પ્રબળ બનાવવા માટે યોજાયેલ 'હર ઘર તિરંગા' કાર્યક્રમમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મળીને 1500 લોકોએ સહભાગિતા કરી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-23 : તા. 12 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાયેલ 'જાહેર પરીક્ષાઓમાં સુધારા' વિષય પર રાજ્યકક્ષાનો પરિસંવાદમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો, અધ્યાપકો, સંશોધકો તથા વિદ્યાર્થીઓ સહિત કુલ 78 સહભાગીઓએ ભાગ લીધો તથા સદર બાબતનો અહેવાલ તા. 12 સપ્ટેમ્બર 2026ના રોજ High-Powered Task Forceને ઈ-મેઈલથી મોકલી આપવામાં આવ્યો, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

ઠરાવ-23 : તા. 12 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાયેલ 'જાહેર પરીક્ષાઓમાં સુધારા' વિષય પર રાજ્યકક્ષાનો પરિસંવાદમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો, અધ્યાપકો, સંશોધકો તથા વિદ્યાર્થીઓ સહિત કુલ 78 સહભાગીઓએ ભાગ લીધો તેની તથા સદર બાબતનો અહેવાલ તા. 12 સપ્ટેમ્બર 2026ના રોજ High-Powered Task Forceને ઈ-મેઈલથી મોકલી આપવામાં આવ્યો હતો, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-24 : તા. 12 જુલાઈ, 2026ના રોજ છાત્રાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ માટે આશરે 180 વિદ્યાર્થિનીઓ સાથે જમી શકે તેવી ક્ષમતા ધરાવતા 'સુરભિ ભોજનાલય' નું ઉદ્ઘાટન ટ્રસ્ટીશ્રી આયશાબહેન પટેલ તથા કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે આશરે 276 જેટલા વિદ્યાર્થી ભાઈઓ સાથે જમી શકે તેવી ક્ષમતા ધરાવતા''અન્નપૂર્ણા ભોજનાલય' નું ઉદ્ઘાટન ટ્રસ્ટીશ્રી શ્રી સુરેશભાઈ રામાનુજના વરદ્ હસ્તે કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-24 : તા. 12 જુલાઈ, 2026ના રોજ છાત્રાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ માટે આશરે 180 વિદ્યાર્થિનીઓ સાથે જમી શકે તેવી ક્ષમતા ધરાવતા 'સુરભિ ભોજનાલય' નું ઉદ્ઘાટન ટ્રસ્ટીશ્રી આયશાબહેન પટેલ તથા કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે આશરે 276 જેટલા વિદ્યાર્થી ભાઈઓ સાથે જમી શકે તેવી ક્ષમતા ધરાવતા''અન્નપૂર્ણા ભોજનાલય' નું ઉદ્ઘાટન ટ્રસ્ટીશ્રી શ્રી સુરેશભાઈ રામાનુજના વરદ્ હસ્તે કરવામાં આવ્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-25 1 તા. 12 જુલાઈ 2026ના રોજ અદાણી ગ્રુપ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાના 'વંદે ભારતમ 2026'ના પ્રતિષ્ઠિત મંચ પર ગૂજરાત વિદ્યાપીઠના એમ.સી.એ. વિભાગના વિદ્યાર્થીઓ જયદીપ દેસાઈ અને અંકેશ રાવલે તૈયાર કરેલ "હેન્ડ ઓપરેટેડ સીડ પ્લાન્ટર મશીન" (હાથથી ચાલતું બીજ વાવવાનું મશીન) નું રજિસ્ટ્રેશન થયું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

2 તા. 7 ઑગસ્ટ 2026ના રોજ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય દ્વારા યોજાયેલ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિદ્યાર્થી શ્રી પરીક્ષિત જોગીએ (એમ.એ, અંગ્રેજી વિભાગ) ઉત્કૃષ્ટ દેખાવ કરીને કાવ્યપઠનમાં પ્રથમ સ્થાન અને ડિબેટમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

3 તા. 10 થી 12 ઑગસ્ટ 2026 દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયેલ યુવા અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત 'My Bharat' લીડરશીપ બૂટ કેમ્પમાં ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થી તથા NSS સ્વયંસેવક શ્રી રવિ જયંતીલાલ વિસાડિયા (વ્યવસ્થાપન વિભાગ) તથા શ્રી હાર્દિક કમલેશભાઈ બામણિયા (ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ)ની પ્રસંદગી

કરવામાં આવી હતી, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-25 1 તા. 12 જુલાઈ 2026ના રોજ અદાણી ગ્રુપ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાના 'વંદે ભારતમ 2026'ના પ્રતિષ્ઠિત મંચ પર ગૂજરાત વિદ્યાપીઠના એમ.સી.એ. વિભાગના વિદ્યાર્થીઓ જયદીપ દેસાઈ અને અંકેશ રાવલે તૈયાર કરેલ "હેન્ડ ઓપરેટેડ સીડ પ્લાન્ટર મશીન" (હાથથી ચાલતું બીજ વાવવાનું મશીન) નું રજિસ્ટ્રેશન થયું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

2 તા. 7 ઑગસ્ટ 2026ના રોજ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય દ્વારા યોજાયેલ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિદ્યાર્થી શ્રી પરીક્ષિત જોગીએ (એમ.એ, અંગ્રેજી વિભાગ) ઉત્કૃષ્ટ દેખાવ કરીને કાવ્યપઠનમાં પ્રથમ સ્થાન અને ડિબેટમાં દ્વિતીય સ્થાન મેળવ્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

3 તા. 10 થી 12 ઑગસ્ટ 2026 દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયેલ યુવા અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા આયોજિત 'My Bharat' લીડરશીપ બૂટ કેમ્પમાં ગૂજરાત વિદ્યાપીઠ વિદ્યાર્થી તથા NSS સ્વયંસેવક શ્રી રવિ જયંતીલાલ વિસાડિયા (વ્યવસ્થાપન વિભાગ) તથા શ્રી હાર્દિક કમલેશભાઈ બામણિયા (ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ)ની પસંદગી કરવામાં આવી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-26 : તા. 16 સપ્ટેમ્બર 2026ના રોજ ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા 'ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ 2026-27' અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં શૈક્ષણિક સંસ્થા કેટેગરીમાં 'Towards a Net-Zero Future : Gujarat Vidyapith as a Climate-Smart and Sustainable Campus' ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગૂજરાત વિદ્યાપીઠની "ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ" માટે તૃતીય ક્રમે પસંદગી કરવામાં આવી. ગૂજરાત વિદ્યાપીઠને એવોર્ડ તથા રૂ. 50,000/- પુરસ્કાર રકમ એનાયત કરવામા આવી, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-26 : તા. 16 સપ્ટેમ્બર 2026ના રોજ ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા 'ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ 2026-27' અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં શૈક્ષણિક સંસ્થા કેટેગરીમાં 'Towards a Net-Zero Future : Gujarat Vidyapith as a Climate-Smart and Sustainable Campus' ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગૂજરાત વિદ્યાપીઠની "ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ" માટે તૃતીય ક્રમે પસંદગી કરવામાં આવી અને ગૂજરાત વિદ્યાપીઠને એવોર્ડ તથા રૂ. 50,000/- પુરસ્કાર રકમ એનાયત કરવામા આવી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-27 1 તા. 27 થી 31 જુલાઈ દરમ્યાન કલા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'હવેલી સંગીત' કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 36 લોકો સહભાગી થયા હતા, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

2 તા. 10 થી 14 ઑગસ્ટ 2026 દરમ્યાન કલા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નાટ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 34 લોકો સહભાગી થયા હતા, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

3 તા. 22 ઑગસ્ટ 2026ના રોજ ભાષા સંસ્કૃતિ મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'જાપાનીઝ ભાષા અને સંસ્કૃતિ પરિચય' વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 22 લોકો સહભાગી થયા હતા, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

4 તા.7-8 ઑગસ્ટ 2026 દરમ્યાન અસ્મિતા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં 47 લોકો સહભાગી થયા, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-27 1 તા. 27 થી 31 જુલાઈ દરમ્યાન કલા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ 'હવેલી સંગીત' કાર્યશાળામાં 36 લોકો સહભાગી થયા તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

2 તા. 10 થી 14 ઑગસ્ટ 2026 દરમ્યાન કલા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ દ્વારા 'નાટ્ય શિબિર'માં 34 લોકો સહભાગી થયા તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

3 તા. 22 ઑગસ્ટ 2026ના રોજ ભાષા સંસ્કૃતિ મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'જાપાનીઝ ભાષા અને સંસ્કૃતિ પરિચય' વિષય પર યોજાયેલ કાર્યશાળામાં 22 લોકો સહભાગી થયા, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

4 તા.7-8 ઑગસ્ટ 2026 દરમ્યાન અસ્મિતા મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે યોજાયેલ બે દિવસીય કાર્યક્રમમાં 47 લોકો સહભાગી થયા, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

<u>પરીક્ષા શાખા</u>

કાર્ય-28 : તા. 27 ઑગસ્ટ, 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠનો 72મો પદવીદાન સમારોહ ભારત રાજ્યના માન. ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમીતભાઈ શાહના મુખ્ય અતિથિપદે, માન. રાજ્યપાલ અને કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે, તથા કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં વિવિધ વિદ્યાશાખાના 7 (સાત) 'મંદિર' ચંદ્રક અને વિવિધ વિભાગના 6 (છ) 'ધ્વજ' ચંદ્રક પ્રદાન કરવામાં આવ્યા તથા કુલ 900 સ્નાતકોને પદવી એનાયત કરવામાં આવી, જેની જાણ તથા પદવીદાન સમારોહ અન્વયે થયેલ ખર્ચ (1) ગોલ્ડ મેડલ રૂ. 6,81,047/- (2) મંડપ, ડેકોરેશન, લાઈટીંગ, રૂ. 9,80,049/- (3) સ્ટેજ, ખુરશી, કવર, સોફા, હેલોજન, કાર્પેટ રૂ. 7,50,000 (4) પેનલ બોર્ડ, એસ.સી. જનરેટર,

લાઈટ, સુશોભન, LED રૂ. 7,92,014 (3) સ્થવિકા, ખાદી કાપડ, ફાઈલ ફોલ્ડર અને ખાદી સૂત્ર રૂ. 3,65,379/- (4) સાઉન્ડ સિસ્ટમ LED સ્ક્રીન, લાઈવ મીડિયા કવરેજ તથા ફોટોગ્રાફી રૂ. 3,08,193/- (5) ભોજન રૂ. 2,89,420/- (6) અન્ય રૂ, 74,050/-ને બહાલી આપવા અંગે.

ઠરાવ-28 : તા. 27 ઑગસ્ટ, 2026ના રોજ ભારત રાજ્યના માન. ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમીતભાઈ શાહના મુખ્ય અતિથિપદે, માન. રાજ્યપાલ અને કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે, તથા કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠની ઉપસ્થિતિમાં યોજાયેલ ગૂજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાન સમારોહમાં વિવિધ વિદ્યાશાખાના 7 (સાત) 'મંદિર' ચંદ્રક અને વિવિધ વિભાગના 6 (છ) 'ધ્વજ' ચંદ્રક પ્રદાન કરવામાં આવ્યા તથા કુલ 900 સ્નાતકોને પદવી એનાયત કરવામાં આવી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા પદવીદાન સમારોહ અન્વયે થયેલ ખર્ચ (1) ગોલ્ડ મેડલ રૂ. 6,81,047/- (2) મંડપ, ડેકોરેશન, લાઈટીંગ, રૂ. 9,80,049/- (3) સ્ટેજ, ખુરશી, કવર, સોફા, હેલોજન, કાર્પેટ રૂ. 7,50,000 (4) પેનલ બોર્ડ, એસ.સી. જનરેટર, લાઈટ, સુશોભન, LED રૂ. 7,92,014 (3) સ્થવિકા, ખાદી કાપડ, ફાઈલ ફોલ્ડર અને ખાદી સૂત્ર રૂ. 3,65,379/- (4) સાઉન્ડ સિસ્ટમ LED સ્ક્રીન, લાઈવ મીડિયા કવરેજ તથા ફોટોગ્રાફી રૂ. 3,08,193/- (5) ભોજન રૂ. 2,89,420/- (6) અન્ય રૂ, 74,050/-ને બહાલી આપવામાં આવી.

કાર્ય-29 : NEP-2020ના Outcome-Based Education તથા Competency-Based Assessmentના અભિગમને અનુરૂપ, સંબંધિત અભ્યાસક્રમના Course Learning Outcomesને આધારે 60 ગુણની બાહ્ય પરીક્ષા યોજવા અંગે.

ઠરાવ-29 : NEP-2020ના Outcome-Based Education તથા Competency-Based Assessmentના અભિગમને અનુરૂપ, સંબંધિત અભ્યાસક્રમના Course Learning Outcomesને આધારે 60 ગુણની બાહ્ય પરીક્ષા યોજવા ચર્ચા થઈ. વધુમાં પરીક્ષા ફી પ્રતિ ક્રેડિટ રૂ. 25/- નક્કી કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-30 : ગુરૂ પૂર્ણિમા સત્ર દરમ્યાન વિવિધ વિદ્યાશાખામાં નવા પ્રવેશ મેળવેલ 867 વિદ્યાર્થીઓને નોંધણી ક્રમાંક (Enrolment Number) ફાળવવામાં આવ્યા તથા APAAR ID નું વેરીફીકેશન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-30 ગુરૂ પૂર્ણિમા સત્ર દરમ્યાન વિવિધ વિદ્યાશાખામાં નવા પ્રવેશ મેળવેલ 867 વિદ્યાર્થીઓને નોંધણી ક્રમાંક (Enrolment Number) ફાળવવામાં આવ્યા તથા APAAR ID નું વેરીફીકેશન કરવામાં આવ્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

મહેકમ શાખા

કાર્ય-31 1 ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચશિક્ષણમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક સેવકોની નાણાંકીય બઢતી અંગે તા. 16-07-2026ના રોજ મળેલ MACP સમિતિની બેઠકની ભલામણ મંજૂરી અર્થે રજૂ.

2 ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ તથા સાદરા ખાતે ઉચ્ચશિક્ષણમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસરોની બઢતી અંગે તા. 22-08-2026ના રોજ મળેલ DACP સમિતિની બેઠકની ભલામણ મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-31 1 ઉપરોક્ત કાર્યને આગામી કાર્યવાહક પરિષદમાં મૂકવા ઠરાવવામાં આવ્યું.

2 ઉપરોક્ત કાર્યને આગામી કાર્યવાહક પરિષદમાં મૂકવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-32 : ઉચ્ચ શિક્ષણના વિવિધ વિભાગોમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવકોની નિમણૂકો માટે જાહેરાત ક્રમાંક 7/2026-27 અને 08/2026-27થી વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવેલ, તેની નિમણૂકો તથા આ બાબતના આનુસાંગિક ખર્ચ પ્રતિમાસ રૂ. 2,65,000/-ની મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-32 : ઉચ્ચ શિક્ષણના વિવિધ વિભાગોમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવકોની કરાર આધારિત ભરતીમાં (જાહેરાત ક્રમાંક 7/2026-27 અને 08/2026-27) સેવકોની નિમણૂક તથા આનુસાંગિક ખર્ચ પ્રતિમાસ રૂ. 2,65,000/-ની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-33 : ડૉ. ધર્મેંદ્ર બાબુભાઈ કડીઆને તેમની તા.31.08.2026 અને તા.09.09.2026ની વિનંતીઓ અન્વયે કાર્યવાહક પરિષદની તા.06.09.2026ની બેઠકનાં ઠરાવ નં. 27 અન્વયે નિવૃત્તિનાં લાભો રૂ.74,22,508/- (કોમ્યુટેશન રૂ.28,25,303/-, ગ્રેજ્યુઈટી રૂ. 25,00,000/- રજાનું રોકડમાં રૂપાંતર રૂ.20,97,2025/-) ચૂકવણીની બહાલી અર્થે રજૂ.

ઠરાવ-33 : ડૉ. ધર્મેંદ્ર બાબુભાઈ કડીઆને તેમની તા.31.08.2026 અને તા.09.09.2026ની વિનંતીઓ અન્વયે કાર્યવાહક પરિષદની તા.06.09.2026ની બેઠકનાં ઠરાવ નં. 27 અન્વયે નિવૃત્તિનાં લાભો રૂ.74,22,508/- (કોમ્યુટેશન રૂ.28,25,303/-, ગ્રેજ્યુઈટી રૂ. 25,00,000/- રજાનું રોકડમાં રૂપાંતર રૂ.20,97,2025/-) ચૂકવણીને બહાલી આપવામાં આવી. વધુમાં આ પ્રકારની ચૂકવણી માટે ઈન્ટરનલ ઓડિટર તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ ચૂકવણી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-34 : તા.31-05-2026ના રોજ નિવૃત્ત થયેલ શ્રી જસુમતીબહેન પટેલ (મદદનીશ શિક્ષક, ગૂજરાત વિનય મંદિર)ને રજા રૂપાંતર બિલની રકમ રૂ. 7,60,928/- ચૂકવવા મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-34 : તા.31-05-2026ના રોજ નિવૃત્ત થયેલ શ્રી જસુમતીબહેન પટેલ (મદદનીશ શિક્ષક, ગૂજરાત વિનય મંદિર)ને રજા રૂપાંતર બિલની રકમ રૂ. 7,60,928/- ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-35 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, સાદરા તથા રાંધેજા ખાતે આઉટસોર્સ એજન્સી જસ્ટરાઈટ હોસ્પિટાલીટીઝ એન્ડ સર્વિસીસ પ્રા.લિ. દ્વારા મેનપાવર (માનવબળ)ની સેવાઓ પૂરી પાડવામાં આવતા કર્મચારીઓ માટે ભારત સરકારનાં શ્રમ અને રોજગાર મંત્રાલયનાં તા.17.09.2026ના જાહેરનામા અન્વયે પી.એફ. માટેની માસિક વેતન મર્યાદા રૂ. 25,000/- પ્રતિમાસ કરવામાં આવી છે, જેના અમલ તથા અંદાજિત આનુસાંગિક ખર્ચ પ્રતિમાસ રૂ, 73,190/- મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-35 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, સાદરા તથા રાંધેજા ખાતે આઉટસોર્સ એજન્સી જસ્ટરાઈટ હોસ્પિટાલીટીઝ એન્ડ સર્વિસીસ પ્રા.લિ. દ્વારા મેનપાવર (માનવબળ)ની સેવાઓ પૂરી પાડવામાં આવતા કર્મચારીઓ માટે ભારત સરકારનાં શ્રમ અને રોજગાર મંત્રાલયનાં તા.17.09.2026ના જાહેરનામા મુજબ અમલ કરવા તથા આ માટે માસિક નિયત ખર્ચ અંદાજે રૂ. 1,58,760 ઉપરાંત આનુસાંગિક ખર્ચ પ્રતિમાસ રૂ, 73,190/- વધારાની મંજૂરી આપવામાં આવી.

એસ્ટેટ શાખા

કાર્ય-36 : અમદાવાદ પરિસરમાં નીચે મુજબ કામોનો કુલ ખર્ચ રૂ. 20,42,107/- થયેલ છે, જે મંજૂર કરવા બાબત.

ક્રમ	કામની વિગત	બીલની રકમ (રૂ)
1.	ભાષા ભવનના અંદરના ભાગમાં રંગરોગાન (વ.ઓ.નં. 2)	2,51,100/-
2.	ભાષા ભવન તથા વિજ્ઞાન વિદ્યાશાખામાં એલ્યુમિનિયમ સેક્શનનું કામ (વ.ઓ.નં. 19)	6,41,858/-
3.	અમદાવાદ પરિસરમાં ગેટ નં. 3 તથા વિકાસ અને આદિવાસી બિલ્ડીંગની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક લગાવવાની કામગીરી (વ.ઓ.નં.10)	6,87,432/-
4.	વિજ્ઞાન વિદ્યાશાખા સેવક કેબિન - સિલીંગ પંખા	90,200/-
5.	કુમાર છાત્રાલય રીનોવેશન 1. સિવિલ કામ 2. ઈલેકટ્રિક કામ 3. સિલીંગ પંખા	 2,64,641/- 38,100/- 68,776/-
	કુલ ખર્ચ	20,42,107/-

ઠરાવ-36 : અમદાવાદ પરિસરમાં નીચે મુજબના કામોનો કુલ ખર્ચ રૂ. 20,42,107/- પુખ્તવિચારણાને અંતે મંજૂર કરવામાં આવ્યો.

ક્રમ	કામની વિગત	બીલની રકમ (રૂ)
1.	ભાષા ભવનના અંદરના ભાગમાં રંગરોગાન (વ.ઓ.નં. 2)	2,51,100/-
2.	ભાષા ભવન તથા વિજ્ઞાન વિદ્યાશાખામાં એલ્યુમિનિયમ સેક્શનનું કામ (વ.ઓ.નં. 19)	6,41,858/-
3.	અમદાવાદ પરિસરમાં ગેટ નં. 3 તથા વિકાસ અને આદિવાસી બિલ્ડીંગની ખુલ્લી જગ્યામાં પેવર બ્લોક લગાવવાની કામગીરી (વ.ઓ.નં.10)	6,87,432/-
4.	વિજ્ઞાન વિદ્યાશાખા સેવક કેબિન - સિલીંગ પંખા	90,200/-
5.	કુમાર છાત્રાલય રીનોવેશન 1. સિવિલ કામ 2. ઈલેકટ્રિક કામ 3. સિલીંગ પંખા	 2,64,641/- 38,100/- 68,776/-
	કુલ ખર્ચ	20,42,107/-

કાર્ય-37 : ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ તથા સાદરા પરિસર માટે વિવિધ સેવાઓ મેળવવા માટે નીચે દર્શાવેલ વિગતે ટેન્ડર પ્રક્રિયાઓ કરવામાં આવી, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

1 ગૂજરાત વિદ્યાપીઠ માટે Mandap Decoration Workની સેવાઓ વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Vishal Decor & Events Pvt. Ltd. ને એક વર્ષ માટે રૂ. 50,000/- Security Deposit સાથે ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં. 05/2026-27 થી એક વર્ષ માટે કામગીરી સોંપવામાં આવેલ છે, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

2 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પ્રિન્ટર કાર્ટિજ રીફીલીંગ તથા કાર્ટિજ પાર્ટસ પુરવઠા બાબતના વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે M/s D V Infocomને એક વર્ષ માટે રૂ. 5,000/- Security Deposit સાથે ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં. 16/2026-27 થી એક વર્ષ માટે કામગીરી સોંપવામાં આવેલ છે, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

3 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વાહનો ભાડે મેળવવા અંગેની સેવાઓ માટે વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Ambica Tours and Travelsને એક વર્ષ માટે રૂ. 50,000/- Security Deposit સાથે ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં. 18/2026-27 થી એક વર્ષ માટે કામગીરી સોંપવામાં આવેલ છે, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

4 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે રંગરોગાન માટેના વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે (1) R B Enterprise (વ.ઓ.નં. 22) (2) A R Enterprise (વ.ઓ.નં. 23) (3) Bhavna Construction (વ.ઓ.નં.24)થી એક વર્ષ માટે રૂ. 70,000/- Security Deposit (કુલ રૂ. 2,10,000/-) સાથે એક વર્ષ માટે કામગીરી સોંપવામાં આવેલ છે, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

5 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે AC, RO તથા Water Coolersની જાળવણી તથા રીપેરીંગ સર્વિસ માટેના વાર્ષિક કર દરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Global Infratelને એક વર્ષ માટે રૂ. 15,000/- Security Deposit સાથે ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં.25 /2026-27 થી કામગીરી સોંપવામાં આવેલ છે, વધુમાં Jaypee Fabtech એજન્સીને ARCમા સામેલ કરેલ છે, જેને બહાલી આપવા અંગે.

6 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ઓડિયો-વિઝ્યુઅલ સાધનોના વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે The Editને એક વર્ષ માટે, રૂ. 50,000/- સિક્યુરિટી ડિપોઝિટ સાથે ગૂજરાત વિદ્યાપીઠના વ. ઓ. નં. 26/2026-27 થી કામગીરી સોંપવામાં આવેલ છે, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-37 : ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ તથા સાદરા પરિસર માટે વિવિધ સેવાઓ મેળવવા માટે નીચે દર્શાવેલ વિગતે ટેન્ડર પ્રક્રિયાઓ કરવામાં આવી, જેની મંજૂરીને બહાલી આપવામાં આવી. વધુમાં Security Deposit બાબતે નિયમોનુસાર ચકાસણી કરવી તથા તે મુજબ Security Deposit રાખવા નક્કી કરવામાં આવ્યું.

1 ગૂજરાત વિદ્યાપીઠ માટે Mandap Decoration Workની સેવાઓ વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Vishal Decor & Events Pvt. Ltd. ને ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં. 05/2026-27 થી એક વર્ષ માટે સોપવામાં આવેલ કામગીરીની મંજૂરીને બહાલી આપવામાં આવી.

2 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પ્રિન્ટર કાર્ટિજ રીફીલીંગ તથા કાર્ટિજ પાર્ટસ પુરવઠા બાબતના વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે M/s D V Infocomને ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં. 16/2026-27 થી એક વર્ષ માટે સોપવામાં આવેલ કામગીરીની મંજૂરીને બહાલી આપવામાં આવી.

3 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વાહનો ભાડે મેળવવા અંગેની સેવાઓ માટે વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Ambica Tours and Travelsને ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં. 18/2026-27 થી એક વર્ષ માટે સોંપવામાં આવેલ કામગીરીની મંજૂરીને બહાલી આપવામાં આવી.

4 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે રંગરોગાન માટેના વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે (1) R B Enterprise (વ.ઓ.નં. 22) (2) A R Enterprise (વ.ઓ.નં. 23) (3) Bhavna Construction (વ.ઓ.નં.24)થી ને એક વર્ષ માટે સોંપવામાં આવેલ કામગીરીની મંજૂરીને બહાલી આપવામાં આવી.

5 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે AC, RO તથા Water Coolersની જાળવણી તથા રીપેરીંગ સર્વિસ માટેના વાર્ષિક કર દરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Global Infratelને ગૂજરાત વિદ્યાપીઠના વ.ઓ.નં.25 /2026-27 થી સોંપવામાં આવેલ કામગીરી તથા Jaypee Fabtech એજન્સીને ARC કરવાની બાબતને બહાલી આપવામાં આવી.

6 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ઓડિયો-વિઝ્યુઅલ સાધનોના વાર્ષિક દર કરાર (Annual Rate Contract) સંદર્ભે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે The Editને ગૂજરાત વિદ્યાપીઠના વ. ઓ. નં. 26/2026-27થી એક વર્ષ માટે સોપવામાં આવેલ કામગીરીની મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય-38 : ગૂજરાત વિદ્યાપીઠના ફાયર એક્સટીંગ્યુશર વાર્ષિક રિફિલિંગ કામ માટે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે (1) Engimex (2) Shyaam ને રૂ. 1,01,700/- થી કામગીરી સોંપવામાં આવેલ છે, જેની મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-38 : ગૂજરાત વિદ્યાપીઠના ફાયર એક્સટીંગ્યુશર વાર્ષિક રિફિલિંગ કામ માટે કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે (1) Engimex (2) Shyaam ને રૂ. 1,01,700/- થી સોંપવામાં આવેલ કામગીરીની મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય-39 : ગૂજરાત વિદ્યાપીઠના તમામ પરિસરોમાં ઈમારતો, છાત્રાલય, નિવાસી મકાનો, લેબોરેટરી, હોલ, ગેસ્ટ હાઉસ વગેરેના સમારકામ, જાળવણી તથા નાના બાંધકામ કામો માટે એજન્સી પર્સન્ટેજ રેટ કોન્ટ્રાક્ટ (Rate/Empanelment Contract)ના ધોરણે કોમ્પ્રેહેન્સિવ એન્જિનિયરિંગ સર્વિસ એજન્સી (આર્કિટેક્ચરલ, સિવિલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને ફેબ્રિકેશન)ની નિમણૂક કરવા અંગે.

ઠરાવ-39 : ગૂજરાત વિદ્યાપીઠના તમામ પરિસરોમાં ઈમારતો, છાત્રાલય, નિવાસી મકાનો, લેબોરેટરી, હોલ, ગેસ્ટ હાઉસ વગેરેના સમારકામ, જાળવણી તથા નાના બાંધકામ કામો માટે એજન્સી પર્સન્ટેજ રેટ કોન્ટ્રાક્ટ (Rate/Empanelment Contract)ના ધોરણે કોમ્પ્રેહેન્સિવ એન્જિનિયરિંગ સર્વિસ એજન્સી (આર્કિટેક્ચરલ, સિવિલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને ફેબ્રિકેશન)ની નિમણૂક કરવાની મંજૂરી આપવામાં આવી.

<u>હિસાબ શાખા</u>

કાર્ય-40 : ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યુ.જી.સી. અને શિક્ષા મંત્રાલય, ભારત સરકારને નાણાંકીય વર્ષ 2026-27 માટે દ્વિતીય ત્રિમાસિક માગણાપત્રકોની વિગતો મોકલી આપી, જાણકારી બાબત.

ઠરાવ-40 : ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યુ.જી.સી. અને શિક્ષા મંત્રાલય, ભારત સરકારને નાણાંકીય વર્ષ 2026-27 માટે દ્વિતીય ત્રિમાસિક માગણાપત્રકોની મોકલી આપવામાં આવેલ વિગતની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-41 : વર્ષ 2027-28ના અંદાજપત્રને મંજૂર કરવા અંગે.

ઠરાવ-41 : વર્ષ 2027-28ના અંદાજપત્રને મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-42 : ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચશિક્ષણના વર્ષ 2025-26ના તા. 01-04-2025 થી તા. 31-03-2026 સુધીના સ્ટેચ્યુટરી ઓડિટરના અહેવાલ તથા નાણાંકીય પત્રકોને મંજૂરી આપવા અંગે.

ઠરાવ-42 : ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચશિક્ષણના વર્ષ 2025-26ના તા. 01-04-2025 થી તા. 31-03-2026 સુધીના સ્ટેચ્યુટરી ઓડિટરના અહેવાલ તથા નાણાંકીય પત્રકોને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-43 : ગૂજરાત વિદ્યાપીઠના નવીનીકરણ કાર્યો અને આવર્તિત ખર્ચને કારણે હાલ ઊભી થયેલી નાણાંકીય જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરફથી રૂ. 2,00,00,000/-ગ્રાન્ટની નાણાંકીય સહાયની જરૂરિયાત છે, તેને ધ્યાનમાં લઈ ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરફથી ઉચ્ચશિક્ષણ વિભાગને ગ્રાન્ટ ફાળવવા વિનંતી કરવા અંગે.

ઠરાવ-43 : ગૂજરાત વિદ્યાપીઠના નવીનીકરણ કાર્યો અને આવર્તિત ખર્ચને કારણે હાલ ઊભી થયેલી નાણાંકીય જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરફથી રૂ. 2,00,00,000/-ગ્રાન્ટની નાણાંકીય સહાયની માટે વિદ્યાપીઠ મંડળને ઉચ્ચશિક્ષણ વિભાગને ગ્રાન્ટ ફાળવવા વિનંતી કરવા નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-44 : ઉચ્ચ શિક્ષણ વિભાગમાં કાર્યરત નીચે દર્શાવેલ સેવકો દ્વારા તેમના જમા પી.એફ.ની રકમમાથી ઉપાડ તરીકે માગવામાં આવેલ રકમ ચૂકવવા મંજૂરી અંગે.

ક્રમ	સેવક નંબર	સેવકનું નામ	જમા રકમ તા.31.08.2026 સુધીની (Rs.)	ઉપાડ તરીકે માગેલ રકમ
1.	339	ડૉ. જગદીશચંદ્ર ગોઠી	54,70,070/-	40,00,000/-
2.	431	શ્રી રમેશભાઈ પરમાર	70,170/-	56,000/-

ઠરાવ-44 : ઉચ્ચ શિક્ષણ વિભાગમાં કાર્યરત નીચે દર્શાવેલ સેવકો દ્વારા તેમના જમા પી.એફ.ની રકમમાથી ઉપાડ તરીકે માગવામાં આવેલ રકમ ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

ક્રમ	સેવક નંબર	સેવકનું નામ	જમા રકમ તા.31.08.2026 સુધીની (Rs.)	ઉપાડ તરીકે માગેલ રકમ
1.	339	ડૉ. જગદીશચંદ્ર ગોઠી	54,70,070/-	40,00,000/-
2.	431	શ્રી રમેશભાઈ પરમાર	70,170/-	56,000/-

કાર્ય-45 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પરચૂરણ કામ જેવા કે સાફસફાઈ, સુથારીકામ, કડિયાકામ, ઇલેક્ટ્રિકકામ, પ્લમ્બિંગકામ, માળીકામ તેમજ સિક્યોરીટી માટે દૈનિક ધોરણે તથા છૂટક કામગીરી લેવામાં આવે છે, જે સંદર્ભે તા.25-06-2026 થી તા. 15-09-2026 સુધીમાં થયેલ કુલ ખર્ચ રૂ. 27,47,000/-ની મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-45 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પરચૂરણ કામ જેવા કે સાફસફાઈ, સુથારીકામ, કડિયાકામ, ઇલેક્ટ્રિકકામ, પ્લમ્બિંગકામ, માળીકામ તેમજ સિક્યોરીટી માટે દૈનિક ધોરણે તથા છૂટક કામગીરી સંદર્ભે તા.25-06-2026 થી તા. 15-09-2026 સુધીમાં થયેલ ખર્ચ બાબતે પુખ્ત વિચારણાને અંતે કુલ ખર્ચ રૂ 27,47,000/-ને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-46 : આદિવાસી તાલીમ કેન્દ્રના આદિવાસી સંગ્રહાલયના 18 ડાયરોમાઝની મરામત અને કલરકામ માટેના કુલ ખર્ચ રૂ. 6,89,945/- ની મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-46 : આદિવાસી તાલીમ કેન્દ્રના આદિવાસી સંગ્રહાલયના 18 ડાયરોમાઝની મરામત અને કલરકામ માટેના કુલ ખર્ચ રૂ. 6,89,945/- ની મંજૂરીને બહાલી આપવામાં આવી

કાર્ય-47 1 તા. 2 થી 4 ઑક્ટોબર 2026 દરમ્યાન આયોજિત 'યુવા ભારતી કાર્યક્રમ' અંતર્ગત અંદાજિત આનુસાંગિક ખર્ચ રૂ. 10,00,000/-ની મંજૂરી આપવા અંગે.

2 તા. 11 થી 20 ઑક્ટોબર 2026 દરમ્યાન આયોજિત 'નવરાત્રિ મહોત્સવ' અંતર્ગત અંદાજિત આનુસાંગિક ખર્ચ રૂ. 6,00,000/- ની મંજૂરી આપવા અંગે.

3 તા. 26 થી 31 ઑક્ટોબર 2026 દરમ્યાન આયોજિત 'ગ્રામજીવન યાત્રા–2026' અંતર્ગત અંદાજિત આનુસાંગિક ખર્ચ રૂ. 15,00.000/- ની મંજૂરી આપવા અંગે.

ઠરાવ-47 1 તા. 2 થી 4 ઑક્ટોબર 2026 દરમ્યાન યોજાયેલ 'યુવા ભારતી કાર્યક્રમ' અંતર્ગત આનુસાંગિક ખર્ચ રૂ. 10,00,000/-ની મંજૂરી આપવામાં આવી.

2 તા. 11 થી 20 ઑક્ટોબર 2026 દરમ્યાન આયોજિત 'નવરાત્રિ મહોત્સવ' અંતર્ગત આનુસાંગિક ખર્ચ રૂ. 6,00,000/- ની મંજૂરી આપવામાં આવી.

3 તા. 26 થી 31 ઑક્ટોબર 2026 દરમ્યાન આયોજિત 'ગ્રામજીવન યાત્રા–2026' અંતર્ગત આનુસાંગિક ખર્ચ રૂ. 15,00,000/- ની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-48 : પ્રવેશ રદ કરનાર વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન નિયમોનુસાર Education Fees, Hostel Fees તથા Food Billના રિફંડની ચૂકવણી કરવામાં આવેલ છે. કુલ 277 વિદ્યાર્થીઓને કુલ રકમ રૂ. 35,76,886/- સામે રૂ. 4,28,714/-ની નિયમોનુસાર કપાત કર્યા બાદ કુલ Net Refund રૂ. 31,48,172/-ની ચૂકવણી કરવામાં આવેલ છે, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

Particulars	Gross	Deduction	Net Amount
Education Fees Amount	18,56,000	2,44,000	16,12,000
Hostel Fees Amount	4,12,000	50,870	3,61,130
Food Bill Amount	12,30,000	1,33,844	10,96,156

ઠરાવ-48 : પ્રવેશ રદ કરનાર વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન નિયમોનુસાર Education Fees, Hostel Fees તથા Food Billના રિફંડની ચૂકવણી કરવામાં આવેલ કુલ 277 વિદ્યાર્થીઓને કુલ રકમ રૂ. 35,76,886/- સામે રૂ. 4,28,714/-ની નિયમોનુસાર કપાત કર્યા બાદ કુલ Net Refund રૂ. 31,48,172/-ની ચૂકવણી કરવામાં આવી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

Particulars	Gross	Deduction	Net Amount
Education Fees Amount	18,56,000	2,44,000	16,12,000
Hostel Fees Amount	4,12,000	50,870	3,61,130
Food Bill Amount	12,30,000	1,33,844	10,96,156

આઈ.ટી. શાખા

કાર્ય-49 : વહીવટી તથા ગૂજરાત વિદ્યાપીઠમાં આયોજિત કાર્યક્રમોની કામગીરીને વધુ સુવ્યવસ્થિત, સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા માટે આઈ. ટી. શાખા દ્વારા નીચે દર્શાવેલ વિવિધ સોફ્ટવેર આધારિત વ્યવસ્થાઓ તથા પોર્ટલ વિકસાવવામાં આવ્યા, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

(1) IMS (Inventory Management System)
(2) EMS (Event Management System),
(3) GVM (App Android/Ios),
(4) BMS (Budget Management System)
(5) Exam Paper Remuneration System
(6) Bifurcation & Reconciliation Portal
(7) Khel Bharti Selection Portal
(8) Id-Card Generator
(9) Bhasha Sanskruti Mandir
(10)School Fees Management (for GV Mandal schools)
(11) Services for SMS, Email, WhatsApp

ઠરાવ-49 : વહીવટી તથા ગૂજરાત વિદ્યાપીઠમાં આયોજિત કાર્યક્રમોની કામગીરીને વધુ સુવ્યવસ્થિત, સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા માટે આઈ. ટી. શાખા દ્વારા નીચે દર્શાવેલ વિવિધ સોફ્ટવેર આધારિત વ્યવસ્થાઓ તથા પોર્ટલ વિકસાવવામાં આવ્યા, જેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

(1) IMS (Inventory Management System)
(2) EMS (Event Management System),
(3) GVM (App Android/Ios),
(4) BMS (Budget Management System)
(5) Exam Paper Remuneration System
(6) Bifurcation & Reconciliation Portal
(7) Khel Bharti Selection Portal
(8) Id-Card Generator
(9) Bhasha Sanskruti Mandir
(10)School Fees Management (for GV Mandal schools)
(11) Services for SMS, Email, WhatsApp

કાર્ય-50 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિવિધ વિભાગોની જરૂરિયાતો અનુસાર Government e-Marketplace (GeM) દ્વારા નીચે દર્શાવેલ વસ્તુઓ ખરીદવામાં આવી, તેના કુલ ખર્ચ રૂ. 12,53,269.36 ની મંજૂરીને બહાલી આપવા અંગે.

No.	Item/Product	Total Qty.	Department	Amount (Rs.)
1.	256 GB SSD	91	M.D. Lab & Computer Dept. Lab	3,03,061.40
2.	8 GB RAM (DDR3/DDR4)	81	M.D. Lab, Audio Visual Lab & Computer Dept. Lab	2,24,210.95
3.	75" Interactive Panel with CPU	04	MBA, TRTI, Audio Visual & Yog Dept.	5,28,000.00
4.	EPSON Sheet-Fed Scanner	01	IQAC	65,500.00
5.	Adobe Academic Edition Graphic Design Software	01	CWMG	42,497.01
	Total			12,53,269.36

ઠરાવ-50 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિવિધ વિભાગોની જરૂરિયાતો અનુસાર Government e-Marketplace (GeM) દ્વારા નીચે દર્શાવેલ વસ્તુઓની ખરીદીના કુલ ખર્ચ રૂ. 12,53,269.36 ની મંજૂરીને બહાલી આપવામાં આવી.

No.	Item/Product	Total Qty.	Department	Amount (Rs.)
1.	256 GB SSD	91	M.D. Lab & Computer Dept. Lab	3,03,061.40
2.	8 GB RAM (DDR3/DDR4)	81	M.D. Lab, Audio Visual Lab & Computer Dept. Lab	2,24,210.95
3.	75" Interactive Panel with CPU	04	MBA, TRTI, Audio Visual & Yog Dept.	5,28,000.00
4.	EPSON Sheet-Fed Scanner	01	IQAC	65,500.00
5.	Adobe Academic Edition Graphic Design Software	01	CWMG	42,497.01
	Total			12,53,269.36

કાર્ય-51 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિવિધ વિભાગોની માગણી અનુસાર Government e-Marketplace (GeM) દ્વારા નીચે દર્શાવેલ વિગતો અનુસાર કમ્પ્યૂટર, લેપટોપ તથા એક્સટર્નલ હાર્ડ ડીસ્ક ખરીદવા અંદાજિત રૂ. 28,50,000/-ની મંજૂરી આપવા અંગે.

Sr. No	Department	Item	Qty.	Price
1	Library Department	Desktop Computer	12	14,00,000.00
2	Yog Vibhag	Desktop Computer	1	1,20,000.00
3	Vinay Mandir Ambheti Shala	Desktop Computer	1	1,00,000.00
4	Ashram Shala Ambheti	Desktop Computer	1	1,00,000.00
5	Audio Visual Department	Desktop Computer	5	10,00,000.00
6	Prof. Nareshbhai (Project Fund)	Laptop-Notebook	1	1,00,000.00
7	Prof. Nareshbhai (Project Fund)	External Hard Disk	2	30,000.00
				28,50,000.00

ઠરાવ-51 ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વિવિધ વિભાગોની માગણી અનુસાર Government e-Marketplace (GeM) દ્વારા નીચે દર્શાવેલ વિગતો અનુસાર કમ્પ્યૂટર, લેપટોપ તથા એક્સટર્નલ હાર્ડ ડીસ્ક ખરીદવા અંદાજિત રૂ. 28,50,000/-ની મંજૂરી આપવામાં આવી.

Sr. No	Department	Item	Qty.	Price
1	Library Department	Desktop Computer	12	14,00,000.00
2	Yog Vibhag	Desktop Computer	1	1,20,000.00
3	Vinay Mandir Ambheti Shala	Desktop Computer	1	1,00,000.00
4	Ashram Shala Ambheti	Desktop Computer	1	1,00,000.00
5	Audio Visual Department	Desktop Computer	5	10,00,000.00
6	Prof. Nareshbhai (Project Fund)	Laptop-Notebook	1	1,00,000.00
7	Prof. Nareshbhai (Project Fund)	External Hard Disk	2	30,000.00
				28,50,000.00

વિદ્યાર્થી રમતગમત અને સાંસ્કૃતિક કલ્યાણ શાખા (SSCW Branch)

કાર્ય-52 : તા. 1 જુલાઈ થી 11 જુલાઈ 2026 દરમ્યાન વિદ્યાર્થી રમતગમત અને સાંસ્કૃતિક કલ્યાણ શાખા દ્વારા વર્ષ 2026મા નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે દીક્ષારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અલગ-અલગ વિષયો આધારિત સત્રો યોજવામાં આવ્યા હતા, જેની જાણ તથા અહેવાલની નોંધ લેવા બાબત.

ઠરાવ-52 : તા. 1 જુલાઈ થી 11 જુલાઈ 2026 દરમ્યાન વિદ્યાર્થી રમતગમત અને સાંસ્કૃતિક કલ્યાણ શાખા દ્વારા વર્ષ 2026મા નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ દીક્ષારંભ કાર્યક્રમના અહેવાલની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-53 : તા. 20 જુલાઈ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કુશલ (કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ) સ્કોલરશીપ પાત્રતા ધરાવતા સ્નાતક/અનુસ્નાતકના 100 વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તથા આ અન્વયે ટ્યુશન ફી રૂ. 6,55,000/- તથા પ્રેકટીકલ ફી રૂ. 3,02,000/- એમ મળીને કુલ રકમ રૂ. 9,57,000/- ની મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-53 : તા. 20 જુલાઈ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કુશલ (કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ) સ્કોલરશીપ પાત્રતા ધરાવતા સ્નાતક/અનુસ્નાતકના 100 વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તેની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા આ અન્વયે ટ્યુશન ફી રૂ. 6,55,000/- તથા પ્રેકટીકલ ફી રૂ. 3,02,000/- એમ મળીને કુલ રકમ રૂ. 9,57,000/- ની મંજૂરીને બહાલી આપવામાં આવી.

કાર્ય-54 : June 2026માં લેવાયેલ UGC NETની પરીક્ષામાં ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોમાંથી કુલ 13 વિદ્યાર્થીઓ તથા CSIR NET ની પરીક્ષામાં 1 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા, તેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-54 : June 2026માં લેવાયેલ UGC NETની પરીક્ષામાં ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોમાંથી કુલ 13 વિદ્યાર્થીઓ તથા CSIR NET ની પરીક્ષામાં 1 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા પરીક્ષા આપેલ કુલ 65 વિદ્યાર્થીઓને મજરે આપવામાં આવેલ રૂ. 35,424/- ફી ની રકમને મંજૂરી આપવામાં આવી.

વિદ્યાપીઠ પ્રકાશન મંદિર

કાર્ય-55 : તા. 20 જુલાઈ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તકોની નવી તથા વિસ્તૃત માહિતી સાથેની પ્રકાશન સૂચિ-2026 (Book Catalogue)નું વિમોચન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-55 : તા. 20 જુલાઈ 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તકોની નવી તથા વિસ્તૃત માહિતી સાથેની પ્રકાશન સૂચિ-2026 (Book Catalogue)ના વિમોચનની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-56 1 National Book Trust India (Ministry of Education, Government of India) દ્વારા તા. 24 ઑક્ટોબરથી 01 નવેમ્બર, 2026 દરમ્યાન અમદાવાદ ખાતે આયોજિત Ahmedabad International Book Festival 2026મા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા કુલ 8 પ્રીમિયમ સ્ટોલ નોંધણી કરાવેલ છે. તેના ભાડા પેટે રૂ. 1,41,600/- તથા અન્ય આનુસાંગિક ખર્ચ રૂ. 40,000/- એમ મળીને અંદાજિત ખર્ચ રૂ. 1,81,600/- ની મંજૂરીને બહાલી આપવા અંગે.

2 National Book Trust India (Ministry of Education, Government of India) દ્વારા 16 થી 24 જાન્યુઆરી 2027 દરમ્યાન દિલ્હી ખાતે આયોજિત New Delhi World Book Fair – 2027 મા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રીમિયમ સ્ટોલ નોંધણી કરાવેલ છે. તેના ભાડાપેટે રૂ. 57,820/- તથા અન્ય આનુસાંગિક ખર્ચ રૂ. 65,500/- એમ મળીને અંદાજિત ખર્ચ રૂ. 1,23,320/- ની મંજૂરીને બહાલી આપવા અંગે.

ઠરાવ-56 1 National Book Trust India (Ministry of Education, Government of India) દ્વારા તા. 24 ઑક્ટોબરથી 01 નવેમ્બર, 2026 દરમ્યાન અમદાવાદ ખાતે આયોજિત Ahmedabad International Book Festival 2026મા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા કુલ 8 પ્રીમિયમ સ્ટોલની નોંધણીના ભાડા પેટે રૂ. 1,41,600/- તથા અન્ય આનુસાંગિક ખર્ચ રૂ. 40,000/- એમ મળીને ખર્ચ રૂ. 1,81,600/- ની મંજૂરીને બહાલી આપવામાં આવી.

2 National Book Trust India (Ministry of Education, Government of India) દ્વારા 16 થી 24 જાન્યુઆરી 2027 દરમ્યાન દિલ્હી ખાતે આયોજિત New Delhi World Book Fair – 2027 મા ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રીમિયમ સ્ટોલ નોંધણીના ભાડાપેટે રૂ. 57,820/- તથા અન્ય આનુસાંગિક ખર્ચ રૂ. 65,500/- એમ મળીને ખર્ચ રૂ. 1,23,320/- ની મંજૂરીને બહાલી આપવામાં આવી.

તા. 04-11-2026

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ